For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

# બંદરો પર સુરતનું 250 કરોડનું યાર્ન ફ્રીઝ

**હાઈકોર્ટે** આયાતી યાર્ન પર QCO દૂર કરવાના સરકારના નિર્ણય પર સ્ટે આપ્યા પછી મુન્દ્રા, ન્હાવા સેવા અને હજીરા પોર્ટ પર કાર્યવાહી

**સ્થાનિક** વેપારીઓએ યાર્નના ભાવમાં 15થી 20નો વધારો કર્યો; ટેક્સટાઇલ ઉદ્યોગમાં ભયનું વાતાવરણ, હજારો મજૂરોની રોજગારી પર સંકટ

**મુંબઈમાં** વિરોધ થતા ન્હાવા સેવા પોર્ટ કસ્ટમ વિભાગે 4/5/2026 પહેલા નીકળેલા કન્ટેનર સોમવારે છોડી દેવાની ખાતરી આપી

સુરતઃ સુરતના ટેક્સટાઇલ ઉદ્યોગ સામે ફરી એકવાર કાચા માલની અછત અને ભાવવધારાનું ગંભીર સંકટ ઊભું થયું છે. ગુજરાત હાઈકોર્ટ દ્વારા FDY અને POY યાર્ન સંબંધિત ક્વોલિટી કંટ્રોલ ઓર્ડર (QCO) મામલે આપવામાં આવેલા સ્ટે બાદ હજીરા અને મુંબઈ પોર્ટ પર અંદાજે 250 કરોડથી વધુ કિંમતનું આયાતી યાર્ન અટવાઈ જતાં સમગ્ર મેનમેડ ટેક્સટાઈલ ચેઈનમાં હાહાકાર મચ્યો છે. હજીરા પોર્ટ પર 200થી વધુ કન્ટેનર અટવાયેલા છે, જ્યારે મુન્દ્રા અને નવાશેવાં સહિતના અન્ય બંદરો પર અંદાજે 500થી વધુ કન્ટેનર ક્લિયરન્સ વિના પડ્યા છે. આ ફરિયાદને પગલે ચેમ્બર દ્વારા કેન્દ્ર સરકારનું ધ્યાન દોરવામાં આવ્યું છે. વેપારીઓ અને ઉદ્યોગકારોના જણાવ્યા મુજબ, આ પરિસ્થિતિના કારણે સ્થાનિક બજારમાં યાર્નના ભાવ પ્રતિ કિલો 15થી 20 સુધી વધી ગયા છે અને 90% પ્રોસેસિંગ તથા વીવિંગ યુનિટ્સમાં ઉત્પાદન ખર્ચ અચાનક વધી ગયો છે.

ટેક્સટાઈલ ઉદ્યોગ સાથે સંકળાયેલા સંગઠનોના જણાવ્યા અનુસાર, સુરતના હજારો પાવરલૂમ, પ્રોસેસ હાઉસ અને ડાઈંગ યુનિટ્સ હાલમાં આયાતી FDY અને POY યાર્ન પર આધારિત છે. અગાઉ કેન્દ્ર સરકારે કેટલાક પોલિએસ્ટર ઉત્પાદનો પર લાગુ કરાયેલા QCO હટાવ્યા બાદ આયાત સરળ બની હતી અને બજારમાં ભાવોમાં રાહત જોવા મળી હતી. પરંતુ હવે હાઈકોર્ટના સ્ટેને કારણે ફરીથી નિયમન લાગુ થતાં પોર્ટ પર કન્ટેનરો અટકી ગયા છે અને સપ્લાય ચેઈન ખોરવાઈ ગઈ છે. હાલ અનેક વીવિંગ એકમોમાં નવા ઓર્ડર લેવાની ગતિ ધીમી પડી છે. યાર્નના ખર્ચમાં વધારો થવાથી તૈયાર કાપડના ભાવ વધારવાની ફરજ પડી શકે છે, જેના કારણે દેશી તથા નિકાસ બજારમાં સુરતની સ્પર્ધાત્મકતા પર અસર

...અનુસંધાન પાના 5 પર

### CBICના ચેરમેન વિવેક ચતુર્વેદીને પત્ર લખી યાર્નના કન્ટેનરોને તાત્કાલિક મુક્ત કરવા ચેમ્બરે માંગ કરી

ધ સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના પ્રેસિડેન્ટ ઇલેક્ટેડ અશોક જીરાવાળાએ સેન્ટ્રલ બોર્ડ ઓફ ઇન્ડાયરેક્ટ ટેક્સ એન્ડ કસ્ટમ્સ (CBIC)ના ચેરમેન વિવેક ચતુર્વેદીને પત્ર લખી જણાવ્યું છે કે ગુજરાત હાઇકોર્ટના વચગાળાના આદેશ અને BIS ગુણવત્તા નિયંત્રણ સંબંધિત પ્રક્રિયાત્મક મુદ્દાઓને કારણે હાલ હજીરા પોર્ટ પર 200થી વધુ કન્ટેનર અટવાયેલા છે, જ્યારે મુન્દ્રા અને નવાશેવાં સહિતના અન્ય બંદરો પર અંદાજે 500થી વધુ કન્ટેનર ક્લિયરન્સ વિના પડ્યા છે. આ પરિસ્થિતિથી સુરત સહિત દક્ષિણ ગુજરાતના ટેક્સટાઇલ ઉદ્યોગ પર ગંભીર અસર પડી રહી છે. ખાસ કરીને આયાત આધારિત વણકરો, નિટર્સ, MSME એકમો અને યાર્ન વેપારીઓ મુશ્કેલીમાં મુકાયા છે. કાચા માલની અછતને કારણે ઉત્પાદન પ્રક્રિયા ખોરવાઈ રહી છે અને હજારો મજૂરોની રોજગારી પર પણ અસર થવાની ભીતિ વ્યક્ત કરાઈ છે.

### 4 મેં પહેલા નીકળેલા કન્ટેનર કસ્ટમ વિભાગ અટકાવી ન શકે: યાર્ન ઈમ્પોર્ટર

ગુજરાત હાઇકોર્ટે ભારત સરકાર દ્વારા BIS ના QCO ઉઠાવી લેવાના નિર્ણય પર સ્ટે તા.4/5/2026 ના રોજ આપ્યો, એ પહેલા જે કન્ટેનર ચીન કે અન્ય દેશોના પોર્ટથી નીકળ્યા હોય એ કસ્ટમ વિભાગ ફ્રીઝ ન કરી શકે.4/5/2026 હાઇકોર્ટે BIS QCO પર સ્ટે આવ્યો. યાર્ન ઈમ્પોર્ટરનું કહેવું છે કે, “ચીનથી જહાજ માર્ગે યાર્ન મુંબઈ,હજીરા,મુન્દ્રા

...અનુસંધાન પાના 5 પર


(તસવીર : હેમંત ડેરે)

## જૈન સાધુ-સાધ્વીની સુરક્ષાના કાયદાની માંગ સાથે વિશાળ મૌન રેલી નીકળી

**અહિંસા**, કરુણા અને શાંતિનો સંદેશ ફેલાવતા જૈન સાધુ- સાધ્વીજીની સુરક્ષાને લઈને જૈન સમાજમાં ભારે આક્રોશ

**જૈન** શ્રાવકો અને શ્રાવિકાઓ શ્વેત-ઓરેન્જ વસ્ત્રો ધારણ કરી મૌન રેલીમાં જોડાયાં

સુરત : જૈન સાધુ- સાધ્વીઓના પગપાળા વિહાર દરમિયાન તેઓની સુરક્ષા માટે કાયદો બનાવવાની માંગ સાથે આજે સમગ્ર જૈન સમાજ દ્વારા એક વિશાળ મૌન રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રેલીમાં જૈન સમાજનાં દિગંબર, શ્વેતાંબર, સ્થાનકવાસી અને તેરાપંથી સમુદાયો સહિત સમગ્ર જૈન સમુદાયનાં લોકો જોડાયાં હતાં. આ મૌન રેલી સવારે નવ વાગ્યે પાર્લે પોઈન્ટ સ્થિત સરગમ શોપિંગ સેન્ટરથી શરૂ થઈ અને કલેક્ટર ઓફિસ સુધી પહોંચી હતી. જ્યાં પ્રતિનિધિમંડળે કલેક્ટરને આવેદનપત્ર સુપરત કરી રજૂઆત કરી હતી. આ રેલીમાં જૈન શ્રાવકો અને શ્રાવિકાઓ શ્વેત-કેસરિયા વસ્ત્રો ધારણ કરી બેનર્સ અને પ્લેકાર્ડ સાથે જોડાયા હતાં.

જૈન સમાજના અગ્રણી નિરવ શાહ, હિતેશકુમાર જૈન સહિતનાં સમાજનાં અગ્રણીઓએ આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, રાજસ્થાન, ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ એવા ક્ષેત્રોમાં ટારગેટ કરીને ષડયંત્ર રૂપે જૈન સાધ્વીઓ,

...અનુસંધાન પાના 5 પર

## 6 માસના રડતા પુત્રની સામે જ માતાએ ફાંસો ખાધો

**પતિ** સાથે વારંવાર ઝઘડા થતાં પરિણીતાનું અંતિમ પગલું

**વાલક** પાટિયા પર રહેતી પરિણીતાએ બે વર્ષ પહેલા જ પ્રેમલગ્ન કર્યાં હતાં

સુરતઃ વાલક પાટિયામાં લગ્નના બે વર્ષમાં જ પરિણીતાએ ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. પતિ સાથેના ઝઘડાઓથી કંટાળીને પરિણીતાએ 6 મહિનાના પુત્રની સામે જ ફાંસો ખાઈ લીધો હતો.

મળેલી માહિતી મુજબ, મૂળ બિહારના વતની ખાતુન જૈનુદ્દીન, હાલમાં વાલક પાટિયા સરદાર ભવનની પાછળ આવેલ હરેક્રિષ્ના સોસાયટીમાં પત્ની નફીસા (18 વર્ષ) તેમજ 6 મહિનાના પુત્ર સાથે રહે છે. બંનેના બે વર્ષ પહેલા લગ્ન થયા હતા અને દંપતી બાંધકામ સાઈટ પર કડિયાકામ કરે છે. ગુરુવારે રાત્રે નફીસાએ 6 મહિનાના પુત્રની સામે ઘરમાં પંખા સાથે દુપટ્ટો બાંધીને ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. નફીસાએ પતિ સાથેના ઝઘડાથી કંટાળીને આપઘાત કર્યો હોવાની શક્યતા પોલીસે વ્યક્ત કરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે છેલ્લા કેટલાક સમયથી સુરતમાં નાની-નાની બાબતોમાં આપઘાત કરી લેવાના ચોંકાવનારા કિસ્સા બની રહ્યા છે. સૌથી ગંભીર બાબત તો એ છે તરૂણો પણ આપઘાત કરી રહ્યાં છે.

## 1968માં બન્યું સુરતનું પહેલું એપાર્ટમેન્ટ, કિંમત રૂ. 31 SQ.FT

**તે સમયે** ઈંટની કિંમત 4 પૈસા હતી અને 12 રૂપિયામાં 50 કિલો સિમેન્ટની બેગ મળતી હતી

**પરિવારના** સભ્યોની વધતી સંખ્યા અને હીરાના વેપારીના માઇગ્રેશનના કારણે એપાર્ટમેન્ટની જરૂર ઊભી થવા લાગી


સુનિષ શાહ

સુરત : અત્યારે 31 રૂપિયામાં માત્ર અઢીસો ગ્રામ મમરા મળે છે પરંતુ 1968માં આ ભાવ એપાર્ટમેન્ટના એક સ્ક્વેર ફીટનો હતો. સુરતમાં સૌથી પહેલું અંજના એપાર્ટમેન્ટ બન્યું હતું. 1968માં આ એપાર્ટમેન્ટના ફ્લેટ 31 રૂપિયા પ્રતિ ચોરસફૂટના ભાવે વેચાયા હતા. સુરતના રિઅલ એસ્ટેટ પર પીએચડી કરનાર શુનિષ શાહે જણાવ્યું હતું કે, બડેખાં ચકલા જેસી મુન્સી સ્કૂલની સામે આ એપાર્ટમેન્ટ બન્યું ત્યારે ઈંટની કિંમત માત્ર 4 પૈસા હતી. તે સમયે લોકો સંયુક્ત પરિવારમાં રહેતા હતા. જે પરિવાર મોટા થતાં એપાર્ટમેન્ટની જરૂરિયાત ઊભી થઇ હતી. આ ઉપરાંત

...અનુસંધાન પાના 5 પર


અંજના એપાર્ટમેન્ટ, હિન્દુ મિલન મંદિરની ગલી

### 1968માં બિલ્ડિંગ મટિરિયલનો ભાવ

- સિમેન્ટ 12 રૂપિયાની 50 કિલોની બેગ
- એક ઈંટની કિંમત 4 પૈસા
- સિમેન્ટની ટાઇલ્સ દોઢ રૂપિયા સ્કવેરફિટ
- લોખંડના સળિયા 1000 રૂપિયા ટન
- રેતીની ટ્રક 150 રૂપિયા
- કપચીની ટ્રક 250 રૂપિયા
- કન્સ્ટ્રક્શન કોસ્ટ 25 રૂપિયા સ્કવેરફિટ
- વેચાણ 31 રૂપિયા સ્કવેર ફિટ

### તબક્કાવાર શહેરમાં એપાર્ટમેન્ટ બનતા ગયાં

1. બડેખાં ચકલા - ગોપીપુરા
2. ભાગાતળાવ- સોનિફળિયા
3. નાનપુરા-અઠવાગેટ
4. ઘોડદોડરો -પાર્લે પોંઇન્ટ
5. રાંદેરરોડ- અડાજણ

### પરિવારો મોટા થતાં એપાર્ટમેન્ટનો વિચાર આવ્યો

સુરતના રિયલ એસ્ટેટ પર પીએચડી કરનાર શુનિષ શાહે જણાવ્યું હતું કે સુરતમાં પહેલા નાના-મોટા, કાચા-પાકા તમામ પ્રકારના મકાનો હતો. લોકો પહેલાથી જ વેપાર કરતા હોવાથી આર્થિક રીતે સદ્ધર હતાં પરંતુ પરિવાર મોટો થતાં તેમની જરૂરિયાત પૂરી કરવા માટેનો વિચારથી પહેલું એપાર્ટમેન્ટ બનાવ્યું હતું. જેથી સફાઇ અને મેઇન્ટેનન્સની કોઇ તકલીફ ન રહે તે માટે તેમના પિતા સતીષભાઇ

...અનુસંધાન પાના 5 પર

### સૌથી પહેલા સુરતમાં બનેલાં કેટલાંક એપાર્ટમેન્ટ

અર્ચના, સુનિતા, સુનિષ, સિદ્ધાર્થ, સમ્રાટ, જેકે ચેમ્બર્સ, રત્નસાગર, ગીરીરાજ, ગીરીછાયાં, ઋષિકેશ

## પુત્રવધૂ પર બળાત્કાર ગુજારનાર સસરાને ૧૦ વર્ષની કેદની સજા

**પતિની** જેમ પરપુરુષ સાથે સંબંધ રાખી દાગીના આપી દેનાર પુત્રવધૂ પર સસરાએ દાનત બગાડી હતી

**સસરાએ** પુત્રવધૂનાં કરતૃત પિયરમાં કહી દેવાની ધમકી આપી બળાત્કાર ગુજાર્યો હતો

સુરતઃ ઓલપાડ પંથકની પુત્રવધુનાં અન્ય પુરુષ સાથેનાં આડા સંબંધો હતાં. આ સંબંધોમાં તેણે દાગીના ગીરવે મૂકીને પુરુષને રૂપિયા આપ્યા હતાં. જેની જાણ સસરાને થઈ જતાં તેમણે તેને તમામ વાતો પિયરમાં કહી દેવાની ધમકી આપી હતી. જેથી ગભરાયેલી પુત્રવધુમાં પર તેમણે વારંવાર દુષ્કર્મ કર્યું હતું. આ કેસ ચાલી જતાં ૬૧ વર્ષીય આરોપી સસરાને સ્પેશિયલ પોક્સો કોર્ટે ૧૦ વર્ષની સજા ફટકારી હતી.

ઓલપાડ પંથકમાં રહેતી પરિણીતાના આડાસંબંધની જાણ સસરાને થઈ ગઈ હતી. જેથી સસરાએ ફરિયાદી પુત્રવધૂનાં કરતૃત અંગે તેના પિયરમાં કહી દેવાનું કહ્યું હતું. જો કે ગભરાયેલી પુત્રવધુએ તેમ કરવાની ના પાડતાં સસરાએ તેમની સાથે શરીરસંબંધ બાંધવાની શરત મૂકી હતી. ત્યારબાદગ ફરીયાદી ઘરમા એકલી હોય તે વખતે આરોપીએ તેનો એકલતાનો લાભ લઈ અવાર નવાર ભોગ બનનારની મરજી વિરુદ્ધ બળાત્કાર ગુજાર્યો હતો. જેનો વિરોધ કરતાં સસરાએ તેને માર પણ માર્યો હતો અને મારીનાંખવાની ધમકી પણ આપી હતી.

આ બનાવની ફરિયાદ કીમ પોલીસ સ્ટેશને વર્ષ ૨૦૨૩માં નોંધાઈ હતી. આ કેસની ન્યાયિક કાર્યવાહી સ્પેશિયલ પોક્સો કોર્ટમાં ચાલી હતી. ફરિયાદ પક્ષે સરકારી વકીલ વિશાલ ફળદુ ફરિયાદ પુરવાર કરવામાં સફળ થતાં કોર્ટે આરોપી સસરાને ૧૦ વર્ષની સજા અને રૂપિયા ૧૫ હજારનો દંડ ફટકાર્યો હતો.

### લફડાબાજ પતિએ જ પત્નીને પરપુરુષ સાથે સંબંધની છૂટ આપી હતી

આ કેસની હકીકત મુજબ ભોગ બનનાર ફરિયાદીનો પતિ અલગ અલગ સ્ત્રી સાથે આડો સબંધ રાખતો હતો. જે ભોગ બનનાર ફરીયાદીને પસંદ ના હોય જેથી ફરીયાદીએ તેના પતિને અન્ય સ્ત્રી સાથે આડો સબંધ નહી રાખવાનુ કહેતાં પતિએ તેણીને પણ અન્ય સાથે આડો સબંધ રાખવો હોય તો રાખ તેમ કહેતાં ભોગ બનનાર ફરીયાદીએ અન્ય કોઈ વ્યકિત સાથે આડો સબંધ રાખતી હતી. જે વ્યકિતને પૈસાની જરૂર હોવાથી ફરીયાદીએ પોતાના સોનાના ઘરેણા આપી ગ્રીરવે મુકીને પૈસા લઇ લેવાનુ જણાવ્યું હતું. જે અંગેની જાણ ફરીયાદીના આરોપી સસરાને થઇ હતી.

### પુત્રવધૂ અન્ય સાથે શરીરસંબંધ બાંધતી હતી તેનો વિડીયો સસરાએ ઉતારી લીધો હતો

કિડની બિમારીથી પિડીત સગા દિકરાની પત્ની સાથે શરીરસંબંધ બાંધતી વેળાં આરોપી સસરાએ મોબાઇલ ફોનમા વિડીયો-ફોટા પાડી લઇ વિડિયો વાયરલ કરવાની ધમકી આપી અવારનવાર સસરાએ બળાત્કાર ગુજાર્યો હતો. ભોગ બનનાર બે સંતાનની માતા છે.

## સુરતમાં ૩૦ કિમીની ઝડપે પવન ફુંકાતા મીની વાવાઝોડા જેવો માહોલ

**ધૂળની** ડમરીઓથી રાહદારીઓ પરેશાન, ૧થી ૩ જૂન દરમિયાન વરસાદની આગાહી

સુરતઃ સુરત શહેરમાં શુક્રવારે બપોર બાદ અચાનક જ હવામાનમાં પલટો આવતા શહેરવાસીઓને મીની વાવાઝોડા જેવો અનુભવ થયો હતો. શહેરમાં ૩૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાતા અનેક વિસ્તારોમાં ધૂળની ડમરીઓ ઉડવા લાગી હતી. રસ્તા ઉપર ચાલતા રાહદારીઓ તેમજ વાહનચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.

હવામાન વિભાગના જણાવ્યા મુજબ બપોર બાદ દક્ષિણ-દક્ષિણ-પશ્ચિમ દિશાથી તેજ પવન ફૂંકાવા લાગતા શહેરના વાતાવરણમાં અચાનક ફેરફાર જોવા મળ્યો હતો. ધૂળભરી હવામાં દૃશ્યતા ઘટતા વાહનચાલકોને પણ સાવચેતીપૂર્વક વાહન હંકાવવાની ફરજ પડી હતી. કેટલાક વિસ્તારોમાં રસ્તા કિનારે રહેલા લારીઓ અને હોર્ડિંગ્સ પણ પવનના ઝોકાને કારણે હલતા જોવા મળ્યા હતા. શહેરનું મહત્તમ તાપમાન આંશિક ઘટાડા સાથે ૩૫ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જ્યારે લઘુત્તમ તાપમાન ૨૮.૪ ડિગ્રી સેલ્સિયસ રહ્યું હતું. હવામાં ૬૨ ટકા

...અનુસંધાન પાના 5 પર

### વરસાદી માહોલની શરૂઆતના સંકેતો

હવામાન વિભાગ દ્વારા આગામી દિવસોમાં હવામાન વધુ બદલાય તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. વિભાગે ૧ જૂનથી ૩ જૂન દરમિયાન સુરત શહેર અને જિલ્લામાં છૂટાછવાયા વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે. પ્રી-મોન્સૂન એક્ટિવિટી વધતા વાદળછાયું વાતાવરણ અને તેજ પવનની સ્થિતિ યથાવત રહેવાની શક્યતા પણ દર્શાવવામાં આવી છે. હવામાન નિષ્ણાતોના મતે અરબી સમુદ્ર તરફ સર્જાતી હવામાન પ્રણાલીના કારણે દક્ષિણ ગુજરાતમાં વાતાવરણ અસ્થિર બન્યું છે, જેના કારણે આગામી દિવસોમાં ગરમીમાં આંશિક રાહત મળી શકે છે. જોકે, ભેજનું પ્રમાણ ઊંચું રહેતા લોકોને ઉકળાટનો અનુભવ યથાવત રહેવાની શક્યતા છે.

## બે મહિલા મેયર, ચાર ડે.મેયર આપનાર વોર્ડ નં.14 ભાજપ માટે ‘પાવર સેન્ટર’

**એકમાત્ર** સૌરાષ્ટ્રીયન સ્થાયી સમિતિ ચેરમેન પણ આજ વોર્ડના હતા

**11** વર્ષમાં આ વોર્ડમાંથી ત્રણ ટીપી કમિટી ચેરમેન પણ બન્યા છે

સુરત : સુરત મહાનગરપાલિકામાં ભાજપે સતત બીજી ટર્મમાં પ્રચંડ બહુમતિ સાથે સત્તા જાળવી રાખ્યા બાદ મેયર પદ માટે વોર્ડ નંબર 14માંથી ચૂંટાયેલા માયા માવાણીની પસંદગી કરતા આ વોર્ડ ફરી એકવાર રાજકીય રીતે ચર્ચાના કેન્દ્રમાં આવ્યો છે. છેલ્લા દાયકામાં વોર્ડ નંબર 14એ ભાજપને અનેક મહત્વપૂર્ણ પદાધિકારીઓ આપ્યા હોવાથી તેને હવે ભાજપનો ‘ફળદ્રુપ’ વોર્ડ માનવામાં આવી રહ્યું છે.

વર્ષ 2015માં આ જ વોર્ડમાંથી ચૂંટાયેલા અસ્મિતાબેન શિરોયા મેયર બન્યા હતા, જ્યારે હવે 2026માં માયા માવાણી મેયર પદે પહોંચતા 10 વર્ષમાં આ વોર્ડને બીજા મહિલા મેયર મળ્યા છે. આ ઉપરાંત વોર્ડ નં. 14માંથી ચૂંટાયેલા છાયા ભુવા, દિનેશ જોધાણી, કુમાર કાનાણી અને જયાબેન અમીપરા ડેપ્યુટી મેયર તરીકે જવાબદારી સંભાળી ચૂક્યા છે. આ જ વોર્ડમાંથી ચૂંટાયેલા પ્રવિણ ઘોઘારી, કાંતિભાઈ ભંડેરી અને દિનેશ જોધાણી

...અનુસંધાન પાના 5 પર

### 37 વર્ષ પહેલા 1989માં વોર્ડ-14ની પેટા ચૂંટણીમાં ભાજપની જીત ટર્નિંગ પોઇન્ટ સાબિત થઇ

સુરતના રાજકીય ઇતિહાસમાં વોર્ડ-14ની બેઠકને ભાજપ માટે ટર્નિંગ પોઇન્ટ માનવામાં આવે છે. વર્ષ 1989માં કોંગ્રેસના સીટિંગ કોર્પોરેટર ધનરાજ મિસ્ત્રીના અવસાન બાદ યોજાયેલી પેટાચૂંટણીમાં ભાજપે કરંજ બેઠક પર મહત્વપૂર્ણ જીત મેળવી હતી. આ ચૂંટણીમાં ભાજપના મધુભાઈ શામજી પટેલએ કોંગ્રેસના પ્રતાપભાઈ વીરપુરવાળાને પરાજય આપ્યો હતો. આ ચૂંટણી ત્રિપાંખીયો જંગ બની હતી. જેમાં યુવા વિકાસ પાર્ટી પણ મેદાનમાં હતી. કરંજ બેઠક પર મળેલી આ જીત ભાજપ માટે શહેરના રાજકારણમાં નવી ઊર્જા સમાન સાબિત થઈ હતી. ત્યારબાદ વર્ષ 1991માં કોંગ્રેસમાં આંતરિક અસંતોષ વધતા 17 કોર્પોરેટરોએ બળવો કર્યો હતો. આ રાજકીય ઉથલપાથલનો સીધો ફાયદો ભાજપને મળ્યો અને સુરત મહાનગરપાલિકામાં ભાજપની સત્તા સ્થાપિત થઈ હતી. આ રાજકીય પરિવર્તન બાદ અજીત દેસાઈ સુરતના મેયર બન્યા હતા. રાજકીય જાણકારોના મતે કરંજની પેટાચૂંટણી અને ત્યારબાદની ઘટનાઓએ સુરતના રાજકારણમાં ભાજપના મજબૂત પાયા નાખવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી તેમ પૂર્વ ડે.મેયર દિનેશ જોધાણીએ જણાવ્યું હતું.


પાંચમી પુણ્યતિથીએ હાર્દિક શ્રધ્ધાંજલિ



‘‘મરણ’’ કરતા સ્મરણ બળવાન છે. આપની સ્મૃતિ એક વરદાન છે. પોતાનું જીવન જીવી ગયા, પણ ઘરનાં સર્વે માટે કેમ જીવવું એ જીવનમંત્ર મૂકી ગયા, કર્મ તમે કર્યા, ફળ અમોને મળ્યા, સંઘર્ષ તમે કર્યા, સુખ અમોને મળ્યા, ભકિત તમે કરી, પુણ્ય અમને મળ્યા, ‘‘આપવું’’ એજ આપનો જીવનમંત્ર હતો. પરમ કૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના..

સ્વ. નાનુભાઈ મીઠાભાઈ પટેલ
સ્વ. તા. ૩૦-૦૫-૨૦૨૧

લિ. સ્વ. કુમીબેન નાનુભાઈ પટેલ (તાંબાઘર)
જગદીશભાઈ નાનુભાઈ પટેલ, ગીતાબેન જગદીશભાઈ પટેલ
દિનેશભાઈ નાનુભાઈ પટેલ, વનીતાબેન દિનેશભાઈ પટેલ
મેહુલભાઈ જગદીશભાઈ પટેલ, ખુશ્બુ મેહુલભાઈ પટેલ
પ્રિન્સકુમાર દિનેશભાઈ પટેલ, પુજા સાગરભાઈ પટેલ
પિન્કી શૈલેષભાઈ પટેલ, તૃપ્તી અતુલભાઈ પટેલ
કુ. રીવા મેહુલભાઈ પટેલ, નેલ્સન, ફિયાન, ફીહા
તથા સમસ્ત પરિવાર...
નિવાસસ્થાન : ‘‘પ્રિન્સ પેલેસ’’, લાચા ફળીયા, આભવા ગામ



અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા

ફીક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફીક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|---|
| | ₹ ૪૫૦૦/- | ₹ ૩૦૦૦/- | ₹ ૫૨૦૦/- |

(+GST EXTRA)
ગુજરાતમિત્ર
જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત.
ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦



૩૧મી પુણ્યતિથિએ ભાવભિની શ્રદ્ધાંજલિ



સ્વ. શ્રી ગોવનભાઇ જેરામભાઇ પટેલ (ગોવનકાકા)
શાંત, સરળ તથા સૌમ્ય
આપનું જીવન અમોનું પ્રેરણા સ્ત્રોત છે
સેવા, પરોપકાર, તથા સહકારના સ્વપન દ્રષ્ટા આપ અમર છો.

લિ.
સ્વ. ચંદુલાલ ગોવિંદજી પટેલ
નરેન્દ્રકુમાર ચંદુલાલ પટેલ
હેમંતકુમાર ચંદુલાલ પટેલ
સ્વ. કમલેશકુમાર ચંદુલાલ પટેલ
પ્રણવ, હેમીલ, ધ્રુવિલના જય અંબે

૧, નવાપરા, કોસાડ સીટી, તા. ચોર્યાસી, જી. સુરત.